# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/289 Dt. 09/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'પ્રેમનું ગણિત' વિષય પર વિચારપ્રેરક કાર્યક્રમ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' નામની અનોખી વિચારશ્રેણી અંતર્ગત બુધવાર, તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'પ્રેમનું ગણિત' વિષય પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા આધ્યાત્મિક પ્રેરક શ્રી પારસ પાંધીએ પ્રેમના ગણિત તથા તેના વિવિધ માનવીય અને આધ્યાત્મિક પાસાઓ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી.

શ્રી પારસ પાંધીએ પોતાના પ્રેરક સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રેમનો સૌથી મજબૂત પાયો સંવાદ છે અને તે પણ વિવાદ વિનાનો સંવાદ. નારાજગી ભલે થાય, પરંતુ તેને શાંતિપૂર્વક સમાપ્ત કરવી જોઈએ. જે વ્યક્તિ બીજાને સ્મિત આપી શકતો નથી, તે દુનિયાને કંઈ આપી શકતો નથી. લગ્ન માટે મળતી વખતે ચા કે કોફીની પસંદગી કરતા પહેલા એ જોવું વધુ મહત્વપૂર્ણ છે કે બંને વ્યક્તિઓ સાથે બેસીને ચા–કોફી પી શકશે કે નહીં.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સજ્જન વ્યક્તિના સત્યને હંમેશા ટુકડામાં જોવું જોઈએ, જ્યારે દુર્જન વ્યક્તિના સત્યને સામૂહિક રીતે જોવું જોઈએ. છેલ્લા દસ વર્ષમાં જેટલા છૂટાછેડા થયા છે, એટલા છેલ્લા ૭૦ વર્ષમાં પણ થયા ન હતા. અગાઉના સમયમાં મોટિવેશન કે ડિપ્રેશન જેવા શબ્દો નહોતા, કારણ કે માણસમાં માણસ પ્રત્યે પ્રેમ હતો. પ્રેમમાં દયા અને ભાવમાં કરુણા સમાયેલી હતી.

પ્રેમના ગણિત અંગે શ્રી પાંધીએ કહયું હતું કે, પ્રેમમાં કયારેય દલીલ નથી હોતી. આપવાની ભાવના સાથે અપેક્ષા રાખવી એ પ્રેમ નહીં પરંતુ વ્યાપાર છે. 'હું' અને 'તું' મળે ત્યારે 'આપણે' બને છે, પરંતુ 'હું', 'તું' અને 'અહં'નો સરવાળો થાય તો પરિણામ શૂન્ય બને છે. ભગવાન શ્રીકૃષ્ણએ પ્રેમના ચાર લક્ષણો દર્શાવ્યા છે–સમર્પણ, સેવા, વિનમ્રતા અને જિજ્ઞાસા. જેમાં આ ચાર ગુણ હોય તે વ્યક્તિ સાચા પ્રેમને પાત્ર બને છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વકતાનો પરિચય આપ્યો હતો, જ્યારે ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.